INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web: www.incgujarat.com Email : gpcc1234@gmail.com

તા: ૧૭/૦૯/૨૦૨૬

## અંબાજી માતાના ધામમાં આસ્થાનો અનાદર: ભક્તોના દાનના નાણાંથી ભાજપનો રાજકીય જલસો 'કાયદેસર ચંદા ચોરી' સમાન

- **વિશ્વભરના કરોડો શ્રધ્ધાળુઓનું અપમાન કરતી ભાજપ સરકાર, ધાર્મિક પરંપરાઓ નેવે મૂકીને કલેક્ટર અને ટ્રસ્ટ દ્વારા આસ્થાનો વેપાર : હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે એક પત્રકાર વાર્તાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગરીબ, મધ્યમવર્ગ અને દેશ-વિદેશના કરોડો શ્રધ્ધાળુઓ પોતે પેટે પાટા બાંધીને પોતાના આરાધ્ય મા અંબાના ચરણોમાં જે એક-એક રૂપિયો શ્રધ્ધાપૂર્વક અર્પણ કરે છે, તે પવિત્ર દાનની રકમનો ક્યારે દૂરઉપયોગ અટકશે? અંબાજી માતાના ધામમાં ભક્તોના દાનના નાણાં પર રાજકીય રોટલા શેકાઈ રહ્યા છે, જેનાથી સમગ્ર દેશના કરોડો શ્રધ્ધાળુઓની લાગણી દુભાઈ છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અંબાજી માતા મંદિર ખાતે ભાજપના રાજકીય ઉત્સવ અને તેના માટે ભક્તોના પૈસાના દુરુપયોગ સામે ભારે આક્રોશ વ્યક્ત કરે છે અને આ ઘટનાક્રમ સામે સખત શબ્દોમાં વિરોધ નોંધાવે છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૬ વર્ષ પૂર્ણ થાય ત્યારે તેમના નિરોગી અને ૧૦૦ વર્ષથી વધુના દીર્ઘાયુ જીવન માટે દેશનો દરેક નાગરિક અને કોંગ્રેસ પક્ષ પણ મા અંબાના ચરણોમાં પ્રાર્થના કરે છે. અમે પ્રધાનમંત્રીના જન્મદિવસની શુભકામનાઓના વિરોધી નથી, પરંતુ અમારો વિરોધ એ વાતે છે કે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી એ કોઈ સરકારી કે ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ એક રાજકીય પક્ષ ભાજપનો કાર્યક્રમ છે. અંબાજી મંદિરમાં યોજાયેલા ૭૬,૦૦૦ દીવાના દીપોત્સવની આમંત્રણ પત્રિકામાં 'બનાસકાંઠા જિલ્લા ભાજપ' એવું સ્પષ્ટ લખેલું છે, જે સાબિત કરે છે કે આ માત્ર ને માત્ર ભાજપનો પક્ષીય કાર્યક્રમ છે. જો આ ભાજપનો ઉત્સવ હોય, તો વિશ્વની સૌથી ધનિક પાર્ટી અને ૧૦,૦૦૦ કરોડથી વધુનું ભંડોળ ધરાવતી પાર્ટી પોતાના ભંડોળમાંથી ખર્ચ કેમ નથી કરતી? આ ઉજવણી માટે અત્યારે ૭૬,૦૦૦ દીવાઓ પાછળ અંબાજી મંદિરના ભંડારમાંથી રૂ. ૨૦ લાખનો મોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે, જે અત્યંત ગંભીર અને વિરોધજનક મુદ્દો છે. જો આ ૨૦ લાખ રૂપિયા પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે દાંતા તાલુકાના ગરીબ આદિવાસી બાળકોના શિક્ષણ પાછળ ખર્ચવામાં આવ્યા હોત, તો મા અંબા ખરા અર્થમાં રાજી થાત. અંબાજીમાં વારંવાર પરંપરાઓ સાથે ચેડા કરવામાં આવે છે એક તરફ અંબાજીમાં ૫૧ શક્તિપીઠમાં માતાજીને થાળ ધરાવવામાં નથી આવતો માતાજીને ભૂખ્યા રાખવામાં આવે છે બીજી તરફ અંબાજી મંદિરમાં તેલનો સંપૂર્ણ નિષેધ છે અંબાજી મંદિરમાં માતાજીનો ભોગ પ્રસાદ પણ બને છે તે સંપૂર્ણ ઘીમાં બને છે વળી લાકડાને અગ્નિથી પ્રજ્વલ્લિત કરવાના હોય તેના માટે પણ ઘીનો જ ઉપયોગ કરવામાં આવે છે છતાં પણ સમગ્ર મંદિરમાં તેલનો ઉપયોગ કરવામાં આવનાર છે સાથે સાથે અંબાજી મંદિર માતાજીને આરામ માટે થઈને સાંજે સાડા ચારથી સાત વાગ્યા સુધી બંધ રહે છે પરંતુ આજે ભાજપે કાર્યક્રમનો સમય સાંજે ૫.૧૫ કલાકનો રાખેલ હોવાથી ખાસ કિસ્સામાં માતાજીને પણ આરામ કરવા મળનાર નથી.

ગુજરાતના યાત્રાધામો અને મંદિરો કોઈ રાજકીય પક્ષની ખાનગી જાગીર નથી. આ યાત્રાધામો કરોડો હિન્દુઓની આસ્થાના પ્રતિક અને શ્રધ્ધાના કેન્દ્રો છે. કોઈપણ રાજકીય પક્ષને માતાજીના વિશ્રામના સમયે, જ્યારે આમ ભક્તો માટે મંદિરના દર્શન અને પ્રવેશ બંધ હોય, ત્યારે નિયમો તોડીને રાજકીય કાર્યક્રમ કરવાની મંજૂરી આપવી એ કરોડો હિન્દુઓની આસ્થા અને શ્રધ્ધાની લાગણીઓ પર સીધો પ્રહાર છે.

અંબાજી મંદિર એ સરકારના નિયંત્રણ હેઠળનું જાહેર ટ્રસ્ટ છે, જેના ચેરમેન તરીકે બનાસકાંઠા કલેક્ટર અને વહીવટદાર તરીકે ડેપ્યુટી કલેક્ટર કક્ષાના સરકારી અધિકારીઓ બેસે છે. જ્યાં સરકારી નિયમોનું કડક પાલન થવું જોઈએ, ત્યાં રૂ. ૫૦ હજારથી વધુના કામો માટે

ટેન્ડરિંગ કરવું ફરજિયાત હોવા છતાં, લાખો રૂપિયાના કામો ટેન્ડર પ્રક્રિયા વગર માત્ર ત્રણ ભાવપત્રક મગાવીને માનીતાઓ આપી દેવાય છે.

આ ઉપરાંત ભૂતકાળના ઘટનાક્રમ તરફ નજર કરીએ તો, અગાઉ મુખ્યમંત્રીઓ, મંત્રીઓ અને ધારાસભ્યોની VVIP સરભરા પાછળ ચાના રૂ. ૭૨૦ અને ભોજનની ડીશના રૂ. ૧,૬૪૦ જેવા કલ્પના બહારના દરે મંદિરના ભંડારમાંથી રૂ. ૧૧ લાખ ૩૫ હજાર ચૂકવી દેવાયા હતા. એટલું જ નહીં, ભૂતકાળમાં RTI (માહિતી અધિકાર કાયદા) દ્વારા એ પણ સાબિત થયું હતું કે ₹૨૨ લાખથી વધુ રૂપિયા અંબાજી આવતા નેતાઓ, મંત્રીઓ, અધિકારીઓ અને તેમના સગા-સંબંધીઓની સરભરામાં વપરાયા હતા! આટલા લાખો રૂપિયા ભક્તોના દાનમાંથી VVIP સરભરા પાછળ હોમાઈ ગયા હોવા છતાં આજદિન સુધી ટ્રસ્ટને આ નાણાં પરત મળ્યા નથી. એક તરફ ભૂતકાળની આવી ગેરરીતિઓના લાખો રૂપિયાનો હિસાબ બાકી છે અને બીજી તરફ ફરીથી ૭૬,૦૦૦ દીવાના નામે ૨૦ લાખ રૂપિયા મંદિરના ભંડારમાંથી વાપરવામાં આવી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આ તમામ મુદ્દાઓ પર સરકાર અને મંદિર ટ્રસ્ટ સમક્ષ નીચે મુજબની સ્પષ્ટ માંગણીઓ કરે છે:
૧. મંદિર ટ્રસ્ટ તાત્કાલિક જાહેર કરે કે ૭૬,૦૦૦ દીવાના આ ઉત્સવનો ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ કોણે ભોગવ્યો છે અને તેની પૂરેપૂરી વિગત જાહેર કરવામાં આવે.
૨. માતાજીના વિશ્રામના સમયે સામાન્ય ભક્તો માટે દર્શન બંધ હોય ત્યારે રાજકીય પક્ષને નિયમ તોડીને મંજૂરી કયા નિયમ હેઠળ આપવામાં આવી તે સ્પષ્ટ કરવામાં આવે.
૩. મંદિરના બંધારણમાં ઓડિટ રિપોર્ટ જાહેર કરવાની જોગવાઈ હોવા છતાં ઓડિટ રિપોર્ટ જાહેર કેમ કરવામાં આવતો નથી? તમામ ઓડિટ રિપોર્ટ તાત્કાલિક સાર્વજનિક કરવામાં આવે.
૪. કોઈપણ રાજકીય પક્ષના કાર્યક્રમમાં મંદિરના દાનના રૂપિયા ખર્ચી શકાય તેવો કોઈ નિયમ કે સરકારી આદેશ હોય તો તે જાહેર કરવામાં આવે.
૫. અગાઉ VVIP સરભરા પેટે ચૂકવાયેલા રૂ. ૧૧.૩૫ લાખ તથા RTI માં ખુલાસો થયેલ રૂ. ૨૨ લાખથી વધુની રકમ આજદિન સુધી પરત કેમ આવી નથી તેની જવાબદારી નક્કી કરી તમામ રકમ વ્યાજ સાથે ટ્રસ્ટના ખાતામાં પરત જમા કરાવવામાં આવે.

અંબાજી મંદિરના ભંડારમાં આવતો એક-એક રૂપિયો ભક્તોની પવિત્ર શ્રધ્ધાનું પરિણામ છે. મંદિર ટ્રસ્ટ અને સરકાર તાત્કાલિક આ અંગે હિસાબ જાહેર કરે, નહિતર કોંગ્રેસ પક્ષ ભક્તોની આસ્થા અને મંદિરની પવિત્રતાની રક્ષા માટે ઉગ્ર આંદોલન કરશે.

**હેમાંગ મહિપતરામ રાવલ**
**પ્રદેશ પ્રવક્તા અને મીડિયા કોર્ડીનેટર**
**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ**
**+૯૧-૯૮૯૮૨૩૩૦૩૮**

**બિડાણ**
**- ભાજપ દ્વારા આયોજિત કાર્યક્રમનો આમંત્રણ પત્ર**
**- મંદિરમાં ભાજપનો ખેસ પહેરીને રીલ ઉતરતા નેતાનો ફોટો**

**નોંધ – એક્સપર્ટ હોસ્પિટાલીટી નામની કંપની ઉપરોક્ત કાર્યક્રમ માટે દીવા સપ્લાય કરવાની છે તેવી માહિતી સુત્રો દ્વારા મળેલ છે.**




